# વર્ગમાં સાથે રહેવાથી કાર્યકર્તાનું સમરસતા સાથે ઘડતર થાય છે : જે.ડી.પટેલ

**હિંમતનગર શહેર તાલુકાનો મંડલ પ્રશિક્ષણ વર્ગ : આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના કારણે ભારત આજે વિશ્વની હરોળમાં અગ્રેસર છે - રેખાબેન ચૌધરી**

**: આપણો પક્ષ અનેક આગેવાનોના ત્યાગ અને બલિદાનના કારણે આજે આ સ્ટેજ ઉપર છે - વિજયભાઈ પંડ્યા :**

**ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા પરદુઃખભંજન હોવો જોઈએ - અતુલભાઇ દીક્ષિત**

બાયડ તા.૮

ભારતીય જનતા પાર્ટી દ્વારા હિંમતનગર શહેર અને તાલુકાનો પ્રશિક્ષણ વર્ગ ઈડરના પાવાપુરી જૈન મંદિર ખાતે યોજવામાં આવેલ છે જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે આપણી કાર્યપદ્ધતિ



સંગઠન સંરચનામાં આપણી ભૂમિકા વિશે વાત કરતા જણાવેલ કે, ભાજપ રાષ્ટ્રવાદી પાર્ટી છે પ્રશિક્ષણ વર્ગમાં સાથે રહેવાથી સંઘભાવના અને પરિવારની ભાવના ઉભી થાય છે અને કાર્યકર્તાનું ઘડતર થાય છે સમરસતા સાથે સદભાવના ઊભી થાય છે. પક્ષની સંઘર્ષની આપણા સાથે જણાવેલ કે, ૧૯૫૧ થી ૧૯૭૭ સુધી ભારતીય જનસંઘ તરીકે જોડાયા, ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી આપણે જનતા પક્ષ તરીકે ઓળખાયા અને ૧૯૮૦થી આજદિન સુધી ભાજપ તરીકે ત્રણ તબક્કામાં ઓળખાયા, આપણા માટે રાષ્ટ્રવાદ, સુશાસન અને અંત્યોદય આપણી પ્રાયોરિટી છે.

જીલ્લા સંગઠન પ્રભારી રેખાબેન ચૌધરીએ તાલુકાના કાર્યકરોની ૨૦૧૪ પછી બદલાતુ ભારત, આત્મનિભર ભારત વિશે માર્ગદર્શન આપતા જણાવેલ કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈની હંમેશા દિધ્ધ દ્રષ્ટિ રહેલી છે કે, આપણા દેશમાં પ્રત્યેક નાગરિક આત્મનિભર દ્વારા પોતે સક્ષમ બને, સમૃદ્ધ બને અને સ્વસ્થ રહે તેના માટે તેમણે અનેક પગલા ભર્યા છે. જેના થકી આજે ડિજિટલ ભારત, શાન્ત ભારત, સમૃદ્ધ ભારત, સ્વચ્છ ભારત ના કારણે હવે વિશ્વમાં ઓળખ સ્થાપિત થયેલ છે. સ્વચ્છતા અંગે તેમણે પહેલ કરવાથી આજે દેશ સ્વચ્છ ભારતની પણ દુનિયાએ નોંધ લીધી છે, કાશ્મીરમાં સર્જીકલ સ્ટ્રાઈક એ નીડર નેતૃત્વના કારણે વડાપ્રધાન સાથે આપણા ગૃહમંત્રી અમિતભાઈ પણ એટલા જ નીડર રીતે કામ કરી રહ્યા છે. દેશની સલામતી માટે અને કાશ્મીર માટે અનેક પગલાં ભરેલ છે ૩૭૦ કલમ અને ઉપટ્ઠ નાબૂદ કરી આપણા સૈનિકો ઉપર ઉપદ્રવ્યો જે રીતે પથ્થર નાખતા હતા તેમની શાન ઠેકાણે કરી છે, શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિતદિનદયાલજી ના વિચારો સાથે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ થી માંડી સંગઠનમાં આપણા જે.પી.નડ્ડાજી સહિત તમામ નેતાઓ કામ કરી રહ્યા છે, આજે ગામડાઓ સુવિધાવાળા હોય તો જ્યારે નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે ગામડા બદલવાની શરૂઆત કરી હતી જે ગુજરાતના રોડ મોડલ કહેવાય ગુજરાતમાં જે પ્રમાણે તેજીથી વિકાસ થયો તે પ્રમાણે સમગ્ર ભારતમાં પણ તમે વિકાસ જોઈ રહ્યા છો. તે આપણી ભારતીય જનતા પક્ષની સરકાર ના કારણે, આપણા સંગઠનના કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ના કારણે આજે સમગ્ર વિશ્વમાં સૌથી શક્તિશાળી અને મજબૂત પક્ષ આપણો છે. જિલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યાએ આજના ભારતની વૈચારિક મુખ્યધારા આપણી વિચારધારા વિશે હિંમતનગર શહેરના કાર્યકરોને સંબોધતા જણાવેલ કે, કોંગ્રેસની તૃષ્ટીકરણ સરકારથી આપણા દેશની અને આપણા નેતાઓને અનેક વખત નુકસાન થયું છે, ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી આપણા અનેક નેતાઓને જેલમાં પૂરી દીધા હતા. આ એ નેતાઓના કારણે આજે ભારતમાં એક મજબૂત રાજકીય પાર્ટી અનેક સંઘષો બાદ આપણી સરકાર બની છે જેમાં શ્યામાપ્રસાદમુખરજી, પંડિતદિનદયાલજી, કુશાભાઉ ઠાકરે, અટલબિહારી બાજપાઈજી, અડવાણીજી, મુરલીમનોહર જોષીજી થી માંડી સ્વર્ગસ્થ સુષ્મા સ્વરાજ જેવા અનેક નેતાઓએ પાર્ટીને ઉભી કરવા યોગદાન આપેલ છે જેમાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈનુ યોગદાન મહત્વ રહ્યુ છે. આપણે આજે જે સભાખંડમાં બેઠા છીએ તેનું નામ પણ સ્વર્ગસ્થ શ્રીરામભાઈ સાંખલા સભાખંડ રાખવામાં આવેલ છે. કાર્યકર્તાઓનું નિર્માળ અને તેનો વિકાસ અને પંચનિષ્ઠા વિશે પર માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રસંગે પૂર્વ જીલ્લા મહામંત્રી અતુલભાઈ દીક્ષિતે ભારતીય જનતા પાર્ટી ની કાર્યપદ્ધતિ અને સંગઠનને સંરચનામાં કાર્યકર્તાની ભૂમિકા વિશે ખુબ સુંદર રીતે રજૂઆત કરી હતી તેમના વક્તવ્ય દરમિયાન તમને કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ કરી કાર્યકર્તા કેવો હોવો જોઈએ તે વિશેનું નરસિંહ મહેતા ના કાવ્ય નુ ઉદાહરણ આપી ભાજપનો કાર્યકર્તા તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે મા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાબરકાંઠાના એક અભ્યાસ વર્ગમાં ઉપરોક્ત ઉદાહરણ સાથે કાર્યકર્તા ની ઓડખ વિષે સમજ આપી હતી ભાજપના કાર્યકર્તાની કાર્યશૈલી કેવી હોવી જોઈએ અને બુથ તેમજ પેજ કમિટીના સભ્યોએ રચનાત્મક કાર્યક્રમો કયા કયા કરવા જોઈએ તેની સવિસ્તાર સમજ આપી હતી. જેને સૌ કાર્યકર્તાઓને આવકારી હતી

આ પ્રસંગે સોશિયલ મીડિયા કન્વીનર સિદ્ધાર્થભાઈ પટેલ, બંસીભાઈ મહેતા, જયસિંહ ચૌહાણ વગેરે વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપેલ. આ પ્રસંગે હિંમતનગર શહેર પ્રમુખ વાસુદેવભાઈ રાવલે સ્વાગત પ્રવચન કરેલ. કાર્યક્રમમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, સંગઠન પ્રભારી મુકેશભાઈ સોલંકી, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, મહિલા તાલુકા પ્રમુખ ભાવનાબેન પંડ્યા, તાલુકાના નારાયણભાઈ પટેલ, શહેર મહામંત્રી જયેશભાઈ પટેલ તથા બંટીભાઈ મહેતાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. તાલુકાના કાર્યકરોનું હોલનું નામ સ્વર્ગસ્થ રણજીતસિંહ ચાવડા સભાખંડ રાખવામાં આવેલ. આ પ્રસંગે પૂર્વ મહામંત્રી સજ્જનસિંહ જેતાવત, પ્રફુલભાઈ વ્યાસ, અશ્વિનભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપની કાર્યપદ્ધતિથી વ્યકતી નિર્માણ સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણ દ્વારા ભારતમાતાને પરમ વૈભવશાળી બનાવવાનું કાર્યકર્તાનુ લક્ષ રહેલું છે : અતુલભાઈ દીક્ષિત

બાયડ તા.૮

ખેડબ્રહ્મા અંબાજી મંદિર ખાતે પોશીના તાલુકા મંડળનો અભ્યાસ વર્ગ માં ભાજપ ની કાર્ય પદ્ધતિ અને સંગઠન માં આપણી ભૂમિકા વિષય પર પ્રદેશ પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિતે વક્તવ્ય આપતા જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી વિચાર નિષ્ઠ પાટી છે .કાર્યપદ્ધતિ એ સંગઠનનો આત્મા છે. પ્રશિક્ષણ વર્ગ, કાર્યકર્તા, કાર્યક્રમ, પ્રવાસ, સંવાદ, સંપર્ક ના કારણે કાર્યકર્તાનું એક સારું ઘડતર થાય છે. પાર્ટીના સંગઠનના માળખામાં બુથના કાર્યક્રમનો વિચાર કરવામાં આવે છે. વિચારોની સ્પષ્ટતા કાર્ય પદ્ધતિ પર અતૂટ શ્રદ્ધાને સંગઠન ના મૂળ સિદ્ધાંતો પર વિશ્વાસ રાખીને જ આપણે સંપૂર્ણ દેશમાં અજેય સંગઠન નું નિર્માણ કરી શકીએ




છીએ. કાર્યકર્તા અને પદાધિકારિઓએ ભોજન કરવાનો આગ્રહ કાર્યકર્તા ના ઘરે જ રાખવો જોઈએ જેનાથી કૌટુંબિક ભાવના પેદા થાય છે અને પારિવારિક સંબંધો સારા બની રહે છે. મત મતાંતર થી દૂર રહી સંનિષ્ઠ કાર્યકર્તા તરીકે કામ કરવું જોઈએ .મા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત ના કાર્યક્રમમાં પેજ સમિતિના સભ્યોને સામેલ કરવા જોઈએ. મા ભારતી નુ કલ્યાણ એ જ આપણું લક્ષ્ય છે તે મંત્રની સાથે આગળ વધવું જોઈએ. ઉપરોક્ત વર્ગમાં જિલ્લા મંત્રી કનુભાઈ પટેલ અને વર્ગ અધિકારી મલૂકેશભાઈ સોલંકી હાજર તેમજ પોશીના તાલુકાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા

## જન્મદિને વધામણી



ધર્મેન્દ્ર એમ.પોકાર
ચેરમેન, કાનપુરકંપા સેવાં મડલી
કાનપુરા કંપા તા. બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## અરવલ્લી જિલ્લાના ૩૦ શિક્ષણ સહાયકોને પૂર્ણ પગારના આદેશ એનાયત કરાયા

બાયડ તા.૮

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ - સંલગ્ન કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે 'અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને પુરા પગાર આદેશ એનાયત કાર્યક્રમ' વર્ચ્યુઅલ મીટીંગ દ્વારા કલેકટર કચેરીના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો.



જે અંતર્ગત જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીના અધ્યક્ષસ્થાને ૩૦ શિક્ષણ સહાયકોને પુરા પગારના આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં કલેકટરશ્રીએ શિક્ષકોને પ્રોત્સાહિત કરી શિક્ષણનો યજ્ઞ સતત પ્રજ્જવલિત રાખવા શિક્ષકોને સૂચન કર્યુ હતું. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી ગાયત્રીબેન પટેલ દ્વારા શિક્ષકોને અપીલ કરવામાં આવેલ કે વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષણ કાર્ય થાય, વિદ્યાર્થીઓનું પરિણામ ઉંચુ આવે અને દરેક શિક્ષક ખંતથી વફાદારીપૂર્વક પોતાની ફરજ નિભાવે તે મુજબનુ માર્ગદર્શન કરવા જણાવ્યું હતું.

આમ જિલ્લા કક્ષાએ તેમજ બાયડ,ભિલોડા, મેઘરજ, માલપુર એમ તાલુકા કક્ષાએ સંઘના હોદ્દેદારો, નોડલ કન્વીનર, આચાર્યશ્રીઓ તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સ્ટાફ હાજર રહીને પુરા પગારના આદેશો એનાયત કરવામાં આવ્યા હતા.જેમાં અરવલ્લી જિલ્લામાં માધ્યમિક વિભાગમાં ૦૯ અને ઉચ્ચતર વિભાગમાં ૨૧ શિક્ષકો આમ કુલ મળીને ૩૦ શિક્ષકોને પુરા પગારના આદેશ આપવામાં આવ્યા હતા.

**અરવલ્લી જિલ્લા ટાસ્ક ફોર્સની વ્યર્ચુલ બેઠક યોજાઇ**

## જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલ વર્ચ્યુઅલ બેઠકમાં બાળમજૂરી નાબૂદી અંગે ચર્ચા કરાઈ

બાયડ તા.૮

અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષ સ્થાને બાળ શ્રમ નાબૂદી માટે જિલ્લા



બાળ શ્રમયોગી પ્રથા નાબુદી ટાસ્ક ફોર્સ સમિતિ મિટિંગ Google Meetના માધ્યમથી યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીના દ્વારા જિલ્લામાં આવેલા ઔધોગિક એકમો તથા રેસ્ટોરન્ટ, પાર્લર તેમજ કોલ્ડ સ્ટોરેજ સહિત મહત્વની જગ્યાઓ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવા સબંધિત અધિકારીને સૂચન કર્યુ હતું .આ ઉપરાંત પરપ્રાંતમાંથી કપાસની મજૂરી માટે આવતા તેમજ ઈંટવાડાના ભઠ્ઠાના કામદારો સાથે કોઈ બાળમજૂર હોય છે કેમ તે અંગે તપાસ કરવા સૂચન કર્યુ હતું. ઉપરાંત બાળમજૂરી રોકવા સ્ટેટ ટોલ ફ્રી નંબર નિર્દેશ કરવા અથવા આપણા જિલ્લાનો કાયમી ટોલ ફ્રી નંબર શરૂ કરવા માટે સૂચન કર્યુ હતું. જિલ્લા માં બાળ શ્રમ ની નાબૂદી માટે ટાસ્ક ફોર્સ સમિતિના સભ્યો દ્વારા નિયમિત રેડ નું આયોજન અને બાળ શ્રમ નાબૂદી માટે સઘન કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં શ્રમ અધિકારી શ્રી દુબે, જિલ્લા સંકલિત બાળ વિકાસ અધિકારી, પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં બે કોરોના પોઝિટીવ કેસ નોંધાયા : પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો

ભિલોડા,તા.૦૮

શિયાળાની કડકડતી ઠંડીના માહોલ વચ્ચે જીવલેણ કોરોના વાઈરસની મહામારી દરમિયાન ત્રીજી લહેરની શરૂઆત સાથે કેસો ધડાધડ વધતા જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.કોરોના વાઈરસની મહામારી દરમ્યાન ગત વર્ષે બીજી લહેર ઘાતક પુરવાર થયા બાદ હવે ત્રીજી લહેર હવે તેજ ગતિએ આગળ વધતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે.સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકામાં બે કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે.નવા ભવનાથમાં રહેતા આરોગ્ય કર્મી મહિલા કોરોના પોઝીટીવ આવેલ છે.ભિલોડાના નારસોલી કંપામાં રહેતા પુરૂષને કોરોના પોઝીટીવ આવેલ છે. કાળમુખા જીવલેણ કોરોના વાઈરસથી સંક્રમીત કેસો સરકારી દફતરે નોંધાતા પ્રજાજનો ભયના માહોલ વચ્ચે ચિંતિત જોવા મળી રહ્યા છે.

કોરોના કાળ દરમ્યાન બેપરવાહ મોટા ભાગના લોકો માસ્ક બાંધ્યા વગર બિન્દાસપણે બજારમાં હરતા ફરતા હોવાના કોરોના સંક્રમણનો ભય તેજ ગતિએ આગળ વધતો રહેશે તેવો ડર જાગૃત પ્રજાજનોને સતત સતાવી રહ્યો છે.

## કોરોના વાઈરસની મહામારી દરમિયાન ભિલોડા પોલીસ દ્વારા માસ્ક ડ્રાઈવ

**રૂા.૧૬,૦૦૦/- દંડની વસુલાત અને ૧૦ વાહનો ડિટેન કરાયા**

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કોરોના વાઈરસની ત્રીજી લહેરની શરૂઆત થઈ ગઈ છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા માસ્ક અભિયાન હાથ ધરાયું હતું.કોરોના વાઈરસની મહામારી દરમિયાન ગુજરાત રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાં મુજબ ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ,એમ.જી.વસાવાની રાહબરી હેઠળ પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશ અસારી,ટી.આર.બી જવાનો દ્વારા માસ્ક ડ્રાઈવની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ભિલોડા શહેરમાં માસ્ક બાંધ્યા વગર બિન્દાસપણે બજારમાં હરતા ફરતા વ્યક્તિઓ પાસે થી રૂા. ૧૬૦૦૦/- નો દંડ વસુલ કરવામાં આવેલ છે.૧૦ વાહનો ડીટેન કરવામાં આવેલ છે.

## બાપલા પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

ધાનેરા તા. ૮

ધાનેરા તાલુકા ના બાપલા માં શિક્ષક અને આચાર્ય તરીકે નોકરી કરતાં મનરાભાઈ દાનાભાઈ સોલંકી ની વય નિવૃત્તિ થતાં આજ રોજ બાપલા પ્રાથમિક શાળા માં વિદાય સમારંભ નું આયોજન સ્કૂલ ના સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું જે પ્રસંગે રેવદર (રાજસ્થાન )તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી પુંજાભાઈ ડાંભી, બાપલા હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી શંકરભાઈ પટેલ, સી. એમ સી. ના સભ્ય શ્રી ખેતાભાઈ પટેલ, રામસીભાઈ પટેલ, ગણેશભાઈ રબારી, વાછોલ, રામપુરા, રવિ, આલવાડા, પ્રા, શાળા ના આચાર્ય શ્રીઓ, અને ગ્રામજનો ઉપસ્થતિ રહી વય નિવૃત્તિ થતાં ભૂતપૂર્વ આચાર્ય, અને શિક્ષક શ્રી મનરાભાઈ ને ફૂલ હારથી સ્વાગત કરી ઉપરોક્ત મહેમાનો દ્વારા બુકે, ગિફ્ટ, અને સાલ આપી સન્માનિત કરી ને તેમની કાર્ય શેલી ને બિરદાવી હતી બાપલા પ્રાથમિક શાળા ના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલ ધ્વરા મનરાભાઈ સોલંકી એ સ્કૂલ માં કરેલ વિવિધ કામગરી ને બિરદાવી હતી અને તેમને સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતાં. સંપૂર્ણ કાર્યક્રમ ની આભાર વિધિ બાપલા પ્રા. શાળા ના શિક્ષક શ્રી લક્ષ્મણભાઈ પટેલ દ્વારા કરવાં માં આવી હતી.



## પ્રાંતિજના નનાનપુરની સગીરાને ભગાડી જતા પિતા દ્વારા પોલીસ ફરિયાદ કરી

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના નનાનપુર ગામેથી સગીરા ને માણસા તાલુકા ના દેલવાડા નો ઈસમ ભગાડી જતા સગીરા ના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દેલવાડા ના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. પ્રાંતિજ ના નનાનપુર ની સગીરા ને ગાંધીનગર જિલ્લા ના માણસા તાલુકાના દેલવાડા ગામનો ઈસમ લાલાભાઈ બળદેવભાઈ રાવળ કે મારી દીકરી ઉ.વર્ષ-૧૫ વર્ષ ૭ માસ ૬ દિવસ ની સગીર વય ની હોવાનુ જાણતો હોવાછતાંય લલચાવી ફોસલાવી કાયદેસર ના વાલીપણા માંથી રાત્રીના સમયે અપહરણ કરી ભગાડી લઈ જતા સગીરા ના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ગાંધીનગર જિલ્લા ના માણસા તાલુકાના દેલવાડા ખાતે રહેતા લાલાભાઈ બળદેવભાઈ રાવળ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આઈપીસીકલમ ૩૬૩,૩૬૬ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ. ત્રિવેદી દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

## મહેસાણા જિલ્લો કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો મક્કમતાથી સામનો કરવા માટે સજ્જ

મહેસાણા ,તા. ૮

મહેસાણા જિલ્લો સંભવિત ત્રીજી લહેરનો મક્કમતાથી સામનો કરવા માટે સજ્જ બન્યો છે. મહેસાણા જિલ્લાએ કોરોના સંક્રમણને અટકાવવા ત્વરિત અને અસરકારક પગલાં લીધા છે. કોરોનાગ્રસ્તોને અસરકારક આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે પ્રભારી અને સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને પુર્વ નાયબ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં બેઠક યોજી કોરોના સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા કરાઈ હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં જિલ્લામાં બેડ, વેન્ટિલેટર અને ઓકસીજન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. કોરોનાના દર્દીઓને સુદ્રઢ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમણે ઉમેર્યું હતું કે જિલ્લામાં કોરોના સામે લડવા ટેસ્ટીગ, ટ્રેસીગ અને ટ્રીટમેન્ટનો ત્રિસ્તરીય વ્યૂહ અપનાવવામાં આવ્યો છે. પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ધન્વંતરી રથોના માધ્યમથી ઘરે સારવાર લેતા દર્દીઓને દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્રીજા વેવને અનુલક્ષીને દર્દીઓ માટે બેડ, ઓકિસજન બેડ, ઓકિસજન પુરવઠો, દવાઓના જથ્થા સહિતની તમામ બાબતોની ઉપલબ્ધતા છે. વધુમાં



તેમણે કહ્યું કે, કોરોનાની સંભવિત ત્રીજી વેવનો સામનો કરવા રાજય સરકારે તમામ પ્રકારની તૈયારીઓ આદરી દીધી છે અને સરકાર સંપૂર્ણપણે સુ-સજ્જ છે. પ્રભારીમંત્રીએ જિલ્લાના અધિકારી અને આરોગ્ય અધિકારીઓને ઓકિસજન પ્લાન્ટોનું ટેસ્ટીંગ, વેન્ટીલેટર સર્વિસીંગ, ફાયરસેફટી તેમજ આનુષાંગિક જરૂરી તમામ તૈયારીઓ પુરી કરી લેવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, અગાઉના કોરોનાની બે વેવમાં સ્થાનિક સેવાભાવી સંસ્થાઓએ પ્રશંસનીય રીતે વહીવટીતંત્ર સાથે મળી સેવા બજાવી હતી. તેમજ સંભવિત ત્રીજા વેવની પરિસ્થિતિમાં પણ તેમનો સહકાર અગ્રતાક્રમે મળી રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ડીસામાં આર્યુવેદીક ઉકાળો અને દવાનું વિતરણ

ડીસા, તા. ૮

કોરોનાની ત્રીજી લહેરની દસ્તક થઈ ચૂકી છે ત્યારે ડિસાવાસીઓમાં કોરોનાના સમયમાં રોગ પ્રતિકારક શક્તિ વધે તે હેતુથી ઉકાળા સાથે આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં સ્થાનિક લોકોએ ઉકાળો અને આયુર્વેદિક અને હોમિયોપેથીક ગોળીનો લાભ લીધો. આ કાર્યમાં ડીસા નગરપાલિકાના વોર્ડ ચારના સદસ્ય વિજય દવે, પાતાલેશ્વર મહાદેવ મંદિરના પૂજારી મુન્નાભાઈ મહારાજ, એડવોકેટ સુભાષભાઈ ઠકકર, કમલેશભાઈ ઠક્કર, જીગ્નેશભાઈ દેસાઈ તેમજ આજુબાજુના સ્થાનિક રહીશો પણ આ સેવા યજ્ઞમાં જોડાઈ આ સેવા કાર્ય કરેલ હતું. આ કાર્યક્રમમાં રામપુરા આયુર્વેદિક સરકારી વૈદ્ય મનીષ ભાઈ મોદી (રામપુરા દવાખાનું ) વૈદ્ય રાકેશભાઈ પરમાર ( ભડથ) હોમિયોપેથીક ડો. અંજુમબેન નાગોરી (સરકારી હોમયોપથીક દવાખાનું ડીસા) હાજર રહી તેમના માર્ગદર્શન મુજબ ૮૦૦૦ લોકોએ ઉકાળાનો લાભ લીધો.અને ૫૦૦ લોકોએ આયુર્વેદિક દવાઓ તેમજ ૨૦૦૦ લોકોએ હોમિયોપેથીક દવાનો લાભ લીધો હતો.



## ડીસા તાલુકાના જુના ડીસા ગામે પોલીસ મથક બનાવવાની તાતી જરૂરિયાત

ડીસા, તા. ૮

ડીસા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ગુનાહિત પ્રવૃતિઓની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે.ત્યારે આવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે તાલુકાના જુનાડીસા ગામે નવું પોલીસ મથક બનાવવા ઉગ્ર લોક માંગ ઉઠવા પામી છે.

ડીસા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ગુનાહિત ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે ખાસ કરીને શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારમાં સતત ચોરીઓ તેમજ અન્ય ગુનાહિત ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. જેના કારણે લોકોમાં ભય જોવા મળી રહ્યો છે ત્યારે ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સતત ગુનાહિત ઘટનાઓમાં વધારો થતા લોકોને પોલીસ ફરિયાદ કરવા માટે દૂર સુધી જવું પડતું હોય છે ત્યારે આ




બાબતે સ્થાનિક ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ મથક બનાવવામાં આવે તે માટે ગ્રામ્ય વિસ્તારના લોકો રજૂઆત કરી રહ્યા છે ડીસા તાલુકાના જુનાડીસા ગામે પોલીસ સ્ટેશન બનાવવા માટે સ્થાનિક લોકો દ્વારા રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડિયાને રજૂઆત કરવામાં આવી છે. જુનાડીસા આઉટ પોલીસ મથક ૨૬ ગામનું કાર્યક્ષેત્ર ધરાવતું ગામ છે અને આ વિસ્તારમાં મોટાભાગે સંવેદનશીલ વિસ્તારો આવેલા છે આ વિસ્તારમાં બનતી ગુનાહિત ઘટનાઓની ફરિયાદ કરવા માટે લોકોએ ડીસા તાલુકા પોલીસ મથકે આવવું પડે છે જેના કારણે ગામના લોકોને વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે આ બાબતનો કાયમી નિકાલ આવે તે માટે સ્થાનિક લોકોની માંગ છે કે તાત્કાલિક ધોરણે આ ગામમાં પોલીસ મથક બનાવવામાં આવે જેથી વારંવાર બનતી ગુનાહિત ઘટનાઓ પણ પોલીસ મથક બનતાની સાથે જ અટકી શકે તેમ છે.